# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

પી.જી.ટી.આર.વિભાગ

યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ – ૩૬૦૦૦૫

ફોન નં.(૦૨૮૧)૨૫૭૮૫૦૧ એક્સટે. નં.૨૨૨ ફેક્સ નં.(૦૨૮૧)૨૫૭૬૩૪૭ ઈ-મેઈલ :pgtr@sauuni.ac.in


## પીએચ.ડી. પ્રવેશ – ૨૦૨૫-૨૬ માટેની સૂચનાઓ – પ્રથમ રાઉન્ડ

| | |
|---|---|
| ૧. | શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ ના પ્રથમ રાઉન્ડમાં જે વિદ્યાર્થીઓએ Ph. D. એડમિશન માટે UGC NET-June & December-2024 અને UGC NET- June-2025, UGC- CSIR NET/GATE/CEED અને GSET-December-2024 ની પરિક્ષા પાસ કરી હોય તેમને જ Ph.D. એડમિશન માટે લાયક ગણેલ છે. અને આવા વિધાર્થીઓ જ પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી શકશે. |
| ૨ | શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ ના પ્રથમ રાઉન્ડમાં પીએચ.ડી. પ્રવેશ માટે સૌરાષ્ટ્ર યુનીવર્સીટીના પોર્ટલ પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. જે વિદ્યાર્થીઓએ સૌરાષ્ટ્ર યુનીવર્સીટીના પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરાવ્યું ન હોય તેઓ પીએચ.ડી. પ્રવેશ લાયક રેહેશે નહિ. સૌરાષ્ટ્ર યુનીવર્સીટીના પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરાવવાની તા:૧૧-૦૮-૨૦૨૫ (સવારે ૧૧.૦૦ કલાક)થી તા: ૨૨-૦૮-૨૦૨૫ છે. |
| ૩ | શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ ના પ્રથમ રાઉન્ડમાં પીએચ.ડી. પ્રવેશ પ્રકિયા ફી રૂ.૮૦૦/- છે. (ફી કોઇપણ સંજોગોમાં પરત મળવાપાત્ર નથી.). |
| ૪ | UGC દ્વારા જે વિષયમાં Ph. D. એડમિશન માટે નેશનલ એલીજીબીલીટી ટેસ્ટ (NET) લેવાય છે તેનું લીસ્ટ યુનિવર્સીટીની વેબસાઈટ પર મુકેલ છે. UGC દ્વારા જે વિષયમાં Ph. D. એડમિશન માટે નેશનલ એલીજીબીલીટી ટેસ્ટ (NET) લેવાતી નથી તેવા વિષય Pharmacy અને પ્રથમ રાઉન્ડમાં જે વિષયો માં ખાલી જગ્યા રહેશે તેવા જ વિષયોમાં Ph. D. પ્રવેશ માટે, પ્રથમ રાઉન્ડ પછી Ph. D. પ્રવેશ પરીક્ષા યુનિવર્સીટી દ્વારા લેવામાં આવશે. આ માટે ની જાહેરાત હવે પછી અલગથી કરવામાં આવશે. |
| ૫ | પીએચ.ડી. પ્રવેશ મેળવવા માટે અનુસ્નાતક અભ્યાસક્રમ (M.A., M.B.A., M.Com., M.Sc. M.Ed. M.R.S., M.LIB., M.C.A., M.S.W., M.P.Ed., M.P.A. વગેરે) માં જનરલ કેટેગરીમાં ઓછામાં ઓછા ૫૫% (ગ્રેસીંગ સિવાય) અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ તથા SEBC (નોન ક્રિમિલેયર) તથા શારીરિક ખોડખાપણ તેમજ EWS કેટેગરીના ઉમેદવારોને ૫૦% ગુણ હોવા જરૂરી છે. |

| | |
|---|---|
| ૬ | શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ ના પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ માટે ક્વોલિફાય થયેલ વિદ્યાર્થીઓ પૈકી મેરીટના ધોરણે ખાલી રહેલ જે તે કેટેગરીની સીટની સાપેક્ષમાં ૧ : ૬ ના ધોરણે એટલે કે (જે –તે કેટેગરીની એક સીટ સામે જે–તે કેટેગરીના ૬ વિદ્યાર્થીઓ) ને DRC સમક્ષ બોલાવવામાં આવશે. **DRC** ની તારીખ હવે પછી જે તે વિષયના ભવન દ્વારા જાહેર કરવામાં આવશે. |
| ૭ | શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ ના પ્રથમ રાઉન્ડમાં પીએચ.ડી. પ્રવેશની આખરી યાદી UGCના નિયમ મુજબ **UGC NET-June & December-2024** અને **UGC NET- June-2025, UGC- CSIR NET/GATE/CEED** કે **GSET-December-2024** પરીક્ષામાં મેળવેલ ગુણના ૭0% **(Weightage)** + DRCના 30% **(Weightage)** મુજબ તૈયાર કરવામાં આવશે. |
| ૮ | શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ ના પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓએ નીચે જણાવેલા પ્રમાણપત્ર તથા તેની સ્વપ્રમાણિત નકલ જે તે વિષયના અનુસ્નાતક ભવનમાં **Saurashtra University** ના ઓનલાઈન પોર્ટલ પર કરેલ અરજીની નકલ તથા પોતાના અસલ તમામ પ્રમાણપત્રો અચૂકપણે તા: ૨૬-૦૮-૨૦૨૫ થી તા: ૦૨-૦૯-૨૦૨૫ (જાહેર રજાના દિવસો સિવાય) દરમિયાન વેરિફિકેશન કરાવવાનું રહેશે. આ ઉપરાંત પોતાની સંશોધન દરખાસ્ત **(Research Proposal)** ની પાંચ નકલ જમા કરાવવાની રહેશે. નિયત કરેલ તારીખ સુધીમાં વેરિફિકેશન ન કરાવનાર ઉમેદવારો પ્રવેશ માટે લાયક ગણાશે નહિ.<br>(૧) **Saurashtra University** પોર્ટલ પર ઓનલાઈન કરેલ અરજીની નકલ<br>(૨) આર્થિક પછાત વર્ગ નું (EWS) માન્ય પ્રમાણપત્ર<br>(3) દિવ્યાંગ **(PH)** અંગેનું પ્રમાણપત્ર<br>(૪) **SC/ST** જાતિનું પ્રમાણપત્ર<br>(૫) **OBC** જાતિનું પ્રમાણપત્ર તથા નોન ક્રિમિલેયર પ્રમાણપત્ર (ઇસ્યુ થયાના નાણાકીય વર્ષ સહીતના ત્રણ નાણાકીય વર્ષ માટે માન્ય)<br>(૬) સ્નાતક તથા અનુસ્નાતક અભ્યાસના તમામ ગુણપત્રકો તથા ડીગ્રી સર્ટિફિકેટસ<br>(૭) **UGC NET-June & December-2024, UGC NET- June-2025, UGC- CSIR NET/GATE/CEED** કે **GSET-December-2024** પરીક્ષાનું પ્રમાણપત્ર<br>(૮) આધારકાર્ડ નકલ<br>(૯). સંશોધન દરખાસ્ત **(Research Proposal)** ની પાંચ નકલ |
| ૯ | શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ ના પ્રથમ રાઉન્ડમાં **UGC NET-June & December-2024** અને **UGC NET- June-2025, UGC- CSIR NET/GATE/CEED** કે **GSET-December-2024** પરિક્ષા માં કવોલિફાય થયા છે અને પોતાના જરૂરી પ્રમાણપત્રોનું વેરિફિકેશન કરાવ્યુ છે તેવા તમામ ઉમેદવારોએ DRCની પ્રકિયામાં હાજર રહેવું ફરજિયાત છે. DRC સમક્ષ ગેરહાજર રહેનાર ઉમેદવારો પ્રવેશ માટે લાયક ગણાશે નહિ. **DRC**ની તારીખ હવે પછી જે તે વિષયના ભવન દ્વારા જાહેર કરવામાં આવશે. |

| | |
|---|---|
| ૧૦ | ઉમેદવારોને મળતી કોઇપણ પ્રકારની સ્કોલરશીપ માટે કોઇપણ ઉમેદવારની સંશોધક તરીકે નોંધણી થાય ત્યારે તેવા ઉમેદવારના માર્ગદર્શકશ્રી જે સંસ્થામાં હોય તે સંસ્થા પાસે મળવાપાત્ર સ્કોલરશીપના નીતિ નિયમોને અનુરૂપ માન્યતા ન હોય તો તે અંગે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની કોઇપણ પ્રકારની જવાબદારી રહેશે નહીં. |
| ૧૧ | શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ ના પ્રથમ રાઉન્ડમાં માટે **PGTR**/૧/૨૪૨૦૦૭૮/૨૦૨૪ તા.૦૯/૧૦/૨૦૨૪ ના પરિપત્ર મુજબની અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વખતોવખતની સૂચનાઓ લાગુ પડશે. |
| ૧૨ | અરજદારે સૂચનાઓ / નિયમોનો પૂરેપૂરો અભ્યાસ કર્યા બાદ જ ફોર્મ ભરવું. અરજદારે લાયકાતના ધોરણ અને જે વિષય માં પ્રવેશ માટે સીટની ઉપલબ્ધતાને ધ્યાનમાં રાખી પોતે નિયત લાયકાત ધરાવતા હોય તો જ ફોર્મ ભરવું. |
| ૧૩ | જો ઉમેદવારે ખોટા દસ્તાવેજો રજૂ કરી પીએચ.ડી. પ્રવેશ મેળવેલ હશે તો તે ઉમેદવારનું પીએચ.ડી. પ્રવેશ કોઇપણ તબક્કે રદ કરવામાં આવશે. |
| ૧૪ | કોઇપણ પ્રકારના માર્ગદર્શન માટે phd2025@sauuni.ac.in ઉપર ઈ મેઈલ કરવાનો રહેશે. |

તા: ૦૮-૦૮-૨૦૨૫

કો-ઓર્ડીનેટરશ્રી (**Ph.D.** પ્રવેશ પ્રક્રિયા-૨૦૨૫-૨૬)